સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ચાલે રાજ ચાપલૂસીનું આદેશો બજવાતા નથી!
ને લૂલા બચાવ કરીને સાહેબો લજવાના નથી!
ભજવાતાં નથી નાટક સિંહોમાં, નેતા-જૂથબંધીનાં -
ઉછેરે ઔદ્યોગિક ગધેડાં, સિંહો સચવાતા નથી!
(વનવિભાગનો વાણી વિલાસ)

હાઈકુ

બિચારા સિંહ
પાડાની લડાઈમાં -
મરે કમોતે...
(અધિકારીઓમાં વર્ચસ્વની લડાઈ)

પ્રાણીઓ પર,
માનવ સ્વભાવનો -
આવો આરોપ ?!
(અંદરોઅંદર લડી મર્યા?!)

ચિંતન

સ્વર્ગો મોક્ષસ્તથા ધર્મઃ સર્વે વાયિ પ્રતિષ્ઠતાઃ ।
યસ્તાં લોપયતે વાચમશેષં તેન લોપિતમ ॥

ઉપરોક્ત શ્લોક અધ્યાત્મ રહસ્યમાંથી લેવામાં આવેલ છે.

સ્વર્ગ, મોક્ષ તથા ધર્મ એ બધા સત્યમાં જ પ્રતિષ્ઠિત છે, જે પોતાના વચનનો લોપ કરે છે, તેણે જાણે સર્વનો લોપ કરી દીધો.

'સત્ય' કર્તવ્ય નિષ્ઠા - ફરજનિષ્ઠા - વચનનિષ્ઠા - ન્યાયનિષ્ઠા પ્રામાણિકતા... બધા ધર્મના બધા જ ગુણ આમાં જ 'સત્ય'માં આવી જાય છે. શુદ્ધ-પવિત્ર-નિર્દોષ-નિખાલસ-આચરણ એ જ ધર્મ - 'સત્ય' છે.

સુવિચાર

- ક્ષમા એ મોક્ષનું ભવ્ય પ્રવેશદ્વાર છે - **શ્રીમદ્ રાજચંદ્ર**
- જેનું ઈનામ સાચું તે હિંદુ, તે મુસલમાન - **કબીર**
- તુજ સુખની મહેફીલમાં તું સૌને નોતરજે, પણ જમને અશ્રુની ધાર એકલો - **ઝવેરચંદ મેઘાણી**
- સુખ તેને છે જેનાથી સુખ બીજાને છે - **જરથુષ્ટ્ર**
- સાધુજન જરૂર હોય એટલું જીવે છે, જીવાય એટલું નહિ - **બાણભટ્ટ**
- જે માણસ પોતાની આબરુ જેટલી જ બીજાની પણ આબરું સાચવે છે તેનામાં સ્વમાનનો સાચો વાસ છે - **તિરુવલ્લુવર**
- આજનું ઔષધ : ફુદીનાના પાન અંજીર સાથે ચાવી ચાવીને ખાવાથી કફ વિકાર શાંત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જીવનમાં કોઈ પણ ઘટના બને ત્યારે તેની પ્રતિક્રિયા તત્કાલ આપવાથી આપણને જ નુકશાન થાય છે. એક ખ્યાતનામ વેપારી હતો, તે ખૂબ કમાયો. ખૂબ દાન પણ કરતો, શાળાઓ, બંધાવતો, હોસ્પિટલો માટે દાન આપતો, ગરીબોને ભોજન કરાવતા. અનાથાલયમાં બાળકોને સારું જમાડતો. સમગ્ર રાજયમાં તેના દાન અને ઉદારતાની ખ્યાતિ હતી. અખભારો પણ તેની પ્રવૃત્તિઓને બિરદાવવાના સમાચારો અવાર-નવાર છાપતા રહેતા હતા. એક અખબારનો તંત્રી પણ તેનો મિત્ર હતો. એક વાર કોઈ લઘુ અખબારે આ વેપારી વિશે કંઈક ટીકા છાપી, વેપારીના મુનિમે આ ટીકા છાપેલું વેપારીને આપી તેમનું ધ્યાન દોર્યું. આવી વાહિયાત ટીકા વાંચી વેપારી ધુંવાકુંવા થતો એના તંત્રી મિત્ર પાસે પહોંચ્યો. વેપારીએ છાપુ વંચાવતા મિત્રને કહ્યું, 'મારી સખાવતો અને દાનનો આવો બદલો મળે છે? આવું આડુંઅવળું લખનાર અખબાર સામે માટે અદાલતમાં કેસ કરવો છે. તમે મારી સાથે ચાલો, માનહાનિનો દાવો કરી દઉં.' અખબારમાં છપાયેલી વિગતો તંત્રીએ વાંચી અને વેપારીને હસતાં હસતાં કહ્યું, 'અરે મિત્ર, તારા માટે હું અદાલત તો શું નર્કમાં પણ જવા તૈયાર છું પણ તું મારી એક વાતનો જવાબ આપ.' આ અખબાર પર તારી નજર એમ જ ગઈ હતી કે બીજા કોઈએ આ ખબર પર તારું ધ્યાન દોર્યું હતું.' વેપારીએ કહ્યું, 'મારા મુનિમે મને આ ખબર વંચાવી છે,' તંત્રીએ કહ્યું, 'ભાઈ, મારા પર વિશ્વાસ રાખ. છાપું મેં પણ વાંચ્યું હતું પણ મારું ધ્યાન આ સમાચાર પર ગયું ન હતું, એટલે આની ચર્ચા પણ કોઈની સાથે ન કરવી જોઈએ કારણ કે મોટા ભાગે એવું જ બનતું હોય છે કે અડધાથી વધુ વાચકોનું ધ્યાન આ સમાચાર પર જતું જ નથી હોતું, એટલે એમણે આ સમાચાર વાંચ્યા જ નહીં હોય, જેમણે પણ જોયું હશે તો હેડલાઈન્સ જોઈ હશે. ડીટેઈલ નહીં વાંચે. જેમને આ સમાચાર ધ્યાનથી વાંચ્યા હશે એમને આ વાત સાચી નહીં લાગે.' વેપારીને તંત્રી મિત્રની વાત સમજાઈ અને માનહાનિના દાવાની વાત પડતી મૂકી.

આયુષ્યમાન યોજના આશીર્વાદ રૂપ બનશે

તંત્રીસ્થાનેથી...

રાંચી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખુલ્લી મૂકેલી અત્યંત મહત્ત્વાકાંક્ષી યોજના આમ તો 'પ્રધાનમંત્રી'ના નામે જ રજિસ્ટર થઈ છે. પણ એનું લોકપ્રિય નામાભિધાન 'આયુષ્યમાન' યોજના રહેશે. જો કે મૂળે તો એક ચૂંટણીલક્ષી યોજના જ છે. એમાં ઓછી આવકવાળા દસ કરોડથી વધુ ભારતીય પરિવારોને વર્ષે પાંચ લાખ જેવું માતબર ઈન્સ્યોરન્સ કવરેજ મળશે અને પંદર હજાર જેટલી હોસ્પિટલો આવા લોકોને ૧૩૫૦ જેટલી બીમારીઓ માટે કેશલેશ સેવાઓ આપશે. ઉપલક દૃષ્ટિએ આ આરોગ્ય યોજના ખૂબ લોભામણી ઉપરાંત જો સાચી રીતે અમલી બનાવાય તો જનસાધારણ માટે આશીર્વાદરૂપ બની રહે એવી છે. પછી ગુજરાત સરકારની 'મા' કાર્ડ યોજનાની જેમ એનો દુરુપયોગ થવા લાગે અને એપોલો કે સાલ જેવી હોસ્પિટલો કે કાર્ડને કચરા ટોપલીમાં પધરાવી કેશ જમા કરાવ્યા પછી જ સારવાર આપવાની વાત કરે તો એ પ્રજા સાથેની છેતરપીંડી જ બની રહેશે. કેરળ, પંજાબ, ઓડિશા, તેલંગાણા અને દિલ્હી જેવાં રાજયોએ તો પોતાને 'આયુષ્યમાન' યોજવાની કોઈ જરૂર નથી એમ કહી નાક કાપીને અપશુકન કરાવી જ દીધા છે. આ રાજયો પાસે એમની પોતીકી આરોગ્ય યોજનાઓ અમલમાં છે જે પ્રધાનમંત્રીની આયુષ્યમાન યોજના કરતાં ચડિયાતી હોવાનો દાવ કરાયો છે.

કોઈ પણ કલ્યાણકારી રાજય માટે એના નાગરિકની જિંદગીથી વધુ મૂલ્યવાન ચીજ કશી હોઈ જ ન શકે. વિશ્વનાં ઘણા રાષ્ટ્રો એમના નાગરિકોના આરોગ્યની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી ચૂકેલ છે. ત્યાં કોઈને સ્વાસ્થ્ય પાછળ હોસ્પિટલમાં બિલ ભરવાનું રહેતું નથી. એમના વતીથી એ ખર્ચ સરકાર ઉઠાવતી હોય છે. ભારત માટે આવી યોજના બહુ વહેલી થવી જોઈતી હતી, પણ થઈ નથી શકી. આયુષ્યમાન જેવી યોજનાઓ પણ થીંગડાં માર્યા જેવી જ લાગશે. મૂળે તો આવકના દાખલા પર આ સેવાઓ મળશે. ભારતમાં મહિને દસ હાજરથી ઓછી આવક ધરાવતાં કુટુંબો કેટલાં તે પણ વિચારણીય બાબત બની રહેશે. સામાન્ય રોજમદારને પણ દિવસના બસો રૂપિયા મળતા હોયતો ઘરમાં બે મજૂર સભ્યો ભેગા મળીને દસ હજારથી વધુ કમાઈ લે છે - એવું પ્રસ્થાપિત કરી તલાટી કક્ષાના અધિકારીઓ આવાં પ્રમાણપત્રો આપવા માટે તગડી લાંચ માગવાના. આથી ઉપલક નજરે આકર્ષક લાગતી આરોગ્ય યોજનામાં કૌભાંડનો સિલસિલો નહીં થાય એવી કશી ગેરંટી નથી. ગુજરાતમાં મા કાર્ડ યોજનાનો લાભ ખોટા લોકોને મળી રહ્યો હોવાના ઢગલાબંધ પુરાવા મળે. એ શોધવાની કોને નવરાશ છે ? 'આયુષ્યમાન' યોજનામાં સામેલ થનાર ખેડૂતોને ખેતી ઉપરાંત દૂધની પણ આવક હોવાની અને તેનું સર્વેક્ષણ કરતાં ઘણા લોકો પાસેથી સરકારી કર્મચારીઓ જે રીતે લાંચરૂશ્વત લેવા ટેવાયા છે એ બદી અટકાવવા સરકાર પાસે કોઈ કારગત મશીનરી છે ખરી ? 'ગરીબી રેખા' નીચેના લોકોની સંખ્યાનો સાચો આંકડો તો દેશમાં કયારેક મળી શકશે ખરો ? સરકારી કલ્યાણ યોજના લેખે 'આયુષ્યમાન' કરતાં પણ ઉદાર યોજનાઓ જરૂરી છે, પણ સામા પક્ષે એનો લાભ ગરીબો કરતાં તો ધનાઢ્ય હોસ્પિટલ સંચાલકો જ લઈ લેશે એવી દહેશત પણ અસ્થાને નથી. ખરું જોતા સરકારે તબીબી સેવાઓના રાષ્ટ્રીયકરણનો વિકલ્પ વિચારવા જેવો હતો. ગ્રેટ બ્રિટનમાં આ પ્રયોગ સફળ થયો છે. કેનેડામાં એ આશીર્વાદરૂપ સાબિત થયો છે. ભારતમાં એનો અમલ કરવાની પહેલ જે કોઈ સરકાર કરશે તેના પર ભગવાન ધન્વંતરિના આશીર્વાદ ઊતરશે. મેડિકલ વ્યવસાયમાંથી હવે જયારે સેવાના કન્સેપ્ટનો સામૂળગો છેડ ઊડી ગયો છે ત્યારે ઉદ્યોગગૃહોમાં ફેરવાઈ ગયેલી ખાનગી ફાઈવસ્ટાર હોસ્પિટલો તો સેવાના નામે નરી લૂંટ જ ચલાવતી થઈ ગઈ છે. અને સરકારી હોસ્પિટલો પર કોઈને ભરોસો નથી રહ્યો.

રાષ્ટ્રપિતા ગાંધીજીના ગુણોનું સ્મરણ કરીએ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'શ્રી કૃષ્ણ કી દ્વારિકા આનેકા નિર્ણય જબ લીયા થા, તભી સે યે ભી તપ થા કિ મહાત્મા ગાંધી કી જનમભૂમિ પોરબંદર થી જરૂર જાયેંગે.'

મધ્યપ્રદેશથી આવેલા પ્રવાસીએ કહ્યું.

'આ મહામાનવે દુનિયાને અદ્‌ભૂત પ્રેરણાત્મક સંદેશ એમના સમગ્ર જીવનથી આપ્યો છે.' મહેસાણાના કલાકાર અજય બારોટે કહ્યું.

પોરબંદરના કીર્તિમંદિરમાં મુલાકાતીઓ મહાત્મા ગાંધી અને કસ્તુરબાનૈ તૈલચિત્રોને વંદન કરી રહ્યા હતા અને પરિસરની મુલાકાત દરમિયાન સાહજિક સંવાદ કરી રહ્યા હતા.

સર્વધર્મ સમભાવ, સત્ય, અહિંસા, સત્યાગ્રહ, આશ્રમજીવન, આઝાદી માટેની લડત જેવા અનેક પ્રકરણોના મનન - ચિંતનન થકી સહુના મનમાં મહાત્મા ગાંધીજીનું મહામાનવ સ્વરુપ ઝલકી રહ્યું હતું.

મહાત્મા ગાંધીએ પોતાના જીવનમાં સર્વધર્મ સમભાવને આચરણમાં મુક્યો હતો. આત્મકથામાં એમણે લખ્યું છે. 'રાજકોટમાં મને અનાયાસે સર્વ સંપ્રદાયો વિશે સમાનભાવ રાખવાની તાલીમ ળી. માતા-પિતા હવેલીએ જાય, શિવાલયમાં જાય અને રામ મંદિરે પણ જાય અને એમને ભાઈઓને પણ લઈ જાય.'

એમના પિતાજી પાસે જૈન ધર્માચાર્યો આવતા, મુસ્લીમ અને પારસી મિત્રો પણ આવીને ધર્મની વાતો કરતા, બાળવયે આના સાક્ષી બનેલા ગાંધીજીને આગળ જતા શ્રીમદ્ ભગવદ્‌ગીતા - બુદ્ધ ચરિત્ર, બાઈબલ, ઈશુના ગિરી પ્રવચનો, પયગંબરની મહત્તા અને જરથુસ્તના વચનો વિશે વાંચવા મળ્યું અને જુદા જુદા સંપ્રદાયો - ધર્મોનું ઓછું-વધવું જ્ઞાન પ્રાપ્ત થયું - આત્મ નિરીક્ષણ વધ્યું.

સર્વધર્મ સમભાવ જેટલું જ મહત્ત્વ ગાંધીજીના જીવનમાં સત્યનું પણ રહ્યું. આત્મકથામાં લખ્યા મુજબ 'મારે મન જ સત્ય જ સર્વોપરી છે, આ સત્ય તે સ્થૂળ, વાચાનું સત્ય નહિ, આ તો જેમ વાચાનું તેમ વિચારનું પણ ખરું, સ્વતંત્ર ચિરસ્થાયી દરમિયાન ગાંધીજીએ હરિશ્ચંદ્રનું નાટક જોયું હતું, એમના મનમાં એ નાટક અનેકવાર ભજવાયું અને તેઓએ સત્યના માર્ગે ચાલવા નક્કી કર્યું ને આખ્યું યે જીવન સત્યને સમર્પિત રહ્યા.'

ગાંધીજીએ મીઠું શા માટે છોડ્યું ? પ્રશ્નના ઉત્તર આત્મકથાના પાનાઓ પર મળે છે. તદઅનુસાર જેલ નિવાસ દરમિયાન ગાંધીજીએ અનુભવ્યું કે એવા ઘણાયે નિયમો છે જે માણસે જેલ બહારના સામાન્ય જીવનમાં પણ પાળવા જોઈએ. તેઓએ વાંચ્યું હતું કે મીઠું ખાવું જરૂરી નથી. થયું એવું કે કસ્તુરબાની બિમારીની સારવાર ચાલતી હતી. ગાંધીજીએ એમને કહ્યું કે તબિયતના હિત માટે કઠોળ અને મીઠું છોડો.... તો જવાબ મળ્યો કે તમને કોઈ આ બંને છોડવાનું કહો તો તમે છોડો ?

તુરંત ગાંધીજીએ જવાબ આવ્યો કે મને દરદ હોય અને વૈદ કહે તો છોડું... એમને કસ્તુરબાની વાત પર બંને છોડ્યા. કસ્તુરબાએ ના પાડી પણ આ તો ગાંધીજી, એમના કહ્યું કે લેવાયેલી પ્રતિજ્ઞા મારાથી ફેરવાય નહિ, અને નિમિત્ત ભલે કોઈ પણ હોય માણસ સંયમ પાળે એમાં લાભ જ છે. આમ એમના રોજિંદા જીવનમાં પણ ત્યાગનો, સંયમી જીવનનો પ્રભાવ રહ્યો.

આશ્રમ ભજનાવલી પદો વાંચીએ - સાંભળીએ - ગાઈએ ત્યારે ગાંધીજીનો આત્મજનો માટેનો સાહજિક પ્રેમ અનુભવાય છે. માત્ર તેર વર્ષની ઉંમરે તેઓએ ગોસ્વામી તુલસીદાસજીની ચોપાઈ સાંભળી હતી.

ગાંધીજી દ. આફ્રિકા હતા ત્યારે ત્યારે એમણે સામુદાયિક જીવનનો આરંભ કર્યો હતો અને સૌ સાથે મળીને સાયંકાલ પ્રાર્થના કરતા. ભારત આવ્યા બાદ કેટલાક લોકો શાંતિનિકેતનમાં રહ્યા ત્યારે ત્યાં અને પછી કોચરબ, અમદાવાદના ગાંધી આશ્રમમાં પ્રાર્થના - શ્લોક - ભઝનો ગવાતા. એનું સંકલન કરીને આશ્રમ ભજનાવલી તૈયાર થઈ છે. જેમાં રાગ પ્રમાણે અનુક્રમણીક છે અને આશ્રમ જીવનનું એમાં પ્રતિબિંબ પડે છે. નામ-રૂપની વિવિધતા એ ભજનોમાં છે અને એનાથી સરવાળે સર્વધર્મ સમભાવની ભાવના પ્રગટ થાય છે.

ગાંધી જયંતિનું પર્વ નજીક છે ત્યારે સ્વભાવિક રીતે મન-હૃદયમાં ગાંધી વિચાર-ગાંધી આચાર અને ગાંધીજીના વિરાટ વ્યક્તિત્વના અનેક ગુણોનું સ્મરણ થાય.

સમગ્ર વિશ્વના શ્રેષ્ઠ મહાપુરુષો પણ જેમના વિચારોને સર્વકાલ માટે આચરણમાં મુકવા જેવા ગણે એવા મહામાનવ ગાંધીજી વિશે એમના વિચારો વિશે નવી પેઢી પણ રસ લે - વાંચે સમજે ત્યારે ગાંધી દર્શનના ને ગાંધી વિચારના અજવાળા રેલાય છે.

વિભિષણથી કટપ્પા સુધી - તમારી પીઠ સલામત રાખજો

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આ લ્યો તમારી છરી
જેની તમને ખોટ ન જ સાલવી જોઈએ,
એવું તમારું ઓજાર
ચળકતું, ચોખ્ખું અને ધારદાર
લગભગ નવા જેવું જ
મારી પીઠે એને જરીક પણ નુકશાન પહોચાડ્યું નથી
- એલ્ડર ઓલ્સન

કેટલી બધી ફિલ્મો, નવલકથાઓ, વાર્તાઓ, કપટ, દગો, છળ, બેઈમાની અને 'બદલાની આગ' વિષય પર લખાઈ ગઈ !

રામાયણ-મહાભારત કાળથી લઈને બાહુબલી સુધી 'કટપ્પા' તો કયાંકને કયાંક જોવા મળી જ આવે છે. 'વિભિષણ' થી માંડીને 'કટપ્પા' એવા વ્યક્તિત્વો છે, જેને દગાખોરી પછી પણ હકારાત્મક અમરત્વ પ્રાપ્ત થયું છે... વિજેતાનો ઈતિહાસ અલગ લખાતો હોય છે. શ્રીરામ વિજેતા છે, હીરો છે, પરંતુ રાવણને વિભિષણ જેવા ભાઈ માટે મલાલ તો રહેશે જ.

નૈતિકતાની પિપૂડી વગાડીને મિત્રદ્રોહની વ્યાખ્યાને ન્યાયોચિત ભલે લેખાવી લેવાય, પરંતુ કપટ માટે આજે પણ 'ઘર કા ભેદી લંકા ઢાયે' કહેવત બોલાય છે.

પરંતુ અહીં મુદ્દો એ છે કે આપણા જીવનમાં એવા કેટલા બધા બનાવો બને છે, જયારે આપણે પોતે પણ પોકારી ઉઠીએ છીએ કે - 'બ્રૂટ્સ યુ ટુ ?'

ગૈરો કો કબ ફુરસત હૈ દુઃખ દેને કી ?
જબ હોતા હૈ કોઈ હમદમ હોતા હૈ.
- જાવેદ અખ્તર

લાગણીના સંબંધો જ દુઃખનું કારણ બને છે. પારકાંઓ નહીં પોતાના જ વધુ દુઃખ પહોંચાડી શકે એમ હોય છે. જયાં સુધી સામા વ્યક્તિનો 'સલામત તબક્કો', 'ખુશી' જોખમાતી ન હોય ત્યાં સુધી તે બધી જ પ્રકારની ઈમાનદારી સંબંધોમાં અદા કરતો જ રહે છે, પરંતુ જેવો મુશ્કેલી રૂપી નાનકડો સરખો પણ 'બમ્પ' આવે, કે તરત જ તે 'હું કોણ અને તું કોણ' વાળા 'પ્રેક્ટિકલ ઝોન'માં આવી જાય છે.

ખૂબ જ શિષ્ટાચાર યુક્ત બેઢંગ દુનિયા આને 'વ્યવહારુ - પણું' એવા હુલામણા નામ હેઠળ ઉચિત ઠરાવવાનો ઠાલો પ્રયત્ન જરૂર કરે છે. પરંતુ આપણો અંતરાત્મા તો એકવાર કયાંક ને કયાંક ખોટું કર્યાની લાગણી અનુભવે જ છે.

ખેર, પણ અગાઉ કહ્યું, તેમ મંથરા, ઈયાગો જેવા પાત્રો ઈર્ષ્યાળુ પાત્રો કહી શકાય. સમાજનાં આવા પાત્રો વિશે અગાઉના બીજા લેખોમાં વાત કરી જ છે. પરંતુ અત્યારે તો પીઠ પાછળ ઘા કરનારા ખાસ સ્નેહી-હિતેચ્છુઓની કોઈ એક અથવા તો ખૂબ ભાવનાશીલ હોઈએ તો ઘણા બધાં વ્યક્તિને 'રાઝદાર' બનાવીએ છીએ, અથવા તો એમ કહો કે આપણા વ્યક્તિત્વના ભાગ સમુ જ મહત્ત્વ આપીને હૃદયમાં કેન્દ્ર સ્થાને આપી દઈએ છીએ...

પરંતુ સામા વ્યક્તિના સુંવાળા વચનો અને શાલીન ચહેરા પાછળ રહેલી ખોરી દાનત ઓળખવામાં જો આપણે ખતા ખાઈ જઈએ, તો પછી આપણી પીઠ ખંજર ખાવા માટે તૈયાર રાખવી જોઈએ, સામાન્ય રીતે લુચ્ચા અને દંભી લોકોને દંભ અને લુચ્ચાઈ કરવાનો મોકો ત્યારે જ મળે છે, જયારે સંવેદનાઓથી છલોછલ આળા વ્યક્તિત્વ મળી આવે છે અને પછી તેમને હૃદય પર કપટરૂપી હળના ચાસ પાડવા માટે મોકળો માર્ગ મળી જાય છે.

જિંદગીનો કોઈ વળાંક આવે ત્યારે બધું જ બદલાઈ જાય છે. જીવન તો આમ પણ વીતી જ જવાનું હોય છે. આપણી આસપાસ કેટકેટલા લોકો રાબેતા મુજબનું જીવન જીવ્યા જ કરે છે, પણ આપણા જીવનમાં ચોક્કસ વળાંક આવે છે અને બધા જ સંદર્ભો બદલાઈ જાય છે. સંવેદનાને નવી ધાર મળે છે, વ્યથાને નવું પરિણામ મળે છે.

શ્રી ચંદ્રકાન્ત બક્ષીને લખ્યું છે કે, એક કક્ષા પર પહોંચ્યા પછી મિત્ર અને શત્રુ વચ્ચેની અંતરરેખા બહુ જ ઝાંખી હોય છે. 'શત્રુઘ્ન' શબ્દની સાથે સાથે 'મિત્રઘ્ન' શબ્દ પણ સમજવો જરૂરી છે. મિત્રદ્રોહ, દગાબાજી સૌથી મોટું પાપ છે, પણ કેટલાકને માટે ઉપરનું પગથિયું ચડવા માટેનો એ રાજમાર્ગ છે. મિત્ર અને શત્રુનો આ જબરદસ્ત ફર્ક છે. શત્રુનો મુકાબલો થઈ શકે છે, શત્રુની આંખમાં આંખ મેળવીને તેના પ્રહારનો પ્રતિકાર કરી શકાય છે, પરંતુ મિત્ર પાછળથી વાર કરી શકે છે, કરી નાખે છે, મિત્ર કયારેક શત્રુથી વધારે ખતરનાર બની શકે છે.

ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં નવા ચૂંટાયેલા એક જવાન સાંસદે બાજુમાં બેઠેલાં વૃદ્ધ સાંસદને સામેની બેચ પર બેઠેલા સભ્યો તરફ નિર્દેશ કરીને પૂછ્યું : સર, સામે બેઠા છે છે એ દુશ્મનો છે ને ? વૃદ્ધ સાંસદે શાંતિથી કહ્યું : 'ના દીકરા ! સામે બેઠા છે એ તો વિરોધીઓ છે, વિપક્ષ છે. દુશ્મનો તો આપણી બાજુમાં બેઠા છે..!'

સો વાતની એક વાત 'દગો ખાવો' એ 'દગો દેવા' કરતા વધુ ગુનાયુક્ત જુર્મ છે. અહીં મિત્રો જ ન બનાવવા જોઈએ, કે પછી મિત્રો આગળ અનાવૃત્ત જ ન થવું જોઈએ, બધુ મનમાં જ ભંડારી રાખવું જોઈએ તેની અપેક્ષા જરા પણ નથી. પરંતુ સારા-નરસાની પરખ કરીને ટકોરા મારી મારીને 'હમરાઝ' મિત્રો બનાવવાની વાત છે. રહીમ કે કબીરના દોહામાં ભલે આવતું કે, કોઈ આપણને છેતરી જાય તે વાસ્તવમાં તો પોતે જ ઈશ્વરની નજરમાં છેતરાઈ જતો હોય છે... સાચું હશે... કદાચ આ તત્ત્વજ્ઞાન સાચું હશે.. પણ કોણ જોવા ગયું છે? - જયારે છેતરાઈને ભોગવવી પડતી પીડા તો આપણું આજનું સત્ય છે ને ! માટે જ છેતરાઈ ગયા પછી આવું સૂફિયાણું જ્ઞાન આલાપવું યોગ્ય નથી.

બુદ્ધ જેવી ક્ષમા, આપણામાં એમ કાંઈ જન્મી જતી નથી. અને એટલે જ દગો ખાવો એ કોઈ બહાદુરીનું કામ નથી. આ મતલબી અને તકસાધુ દુનિયામાં કોઈ આપણને છેતરી જાય તેની વ્યથા-કથા કહેતા ફરીને સહાનુભૂતિના ભાથા સ્વીકારતા રહેવું ખૂબ સરળ છે, પરંતુ પીઠ પાછળ ખંજર ખાઈને જરાય ડગમગ્યા વગર 'ખતા ખાધી છે' તેની ગંધ પણ ઘા કરનારાને ન આવવા દેવી તે આવડત કેળવવી જોઈએ. જો 'હમરાઝ' અને સાચા દોસ્ત પારખી શકવાની દૃષ્ટિ ન હોય તો પછી કપટનો ઘા હસતા હસતા ઝીલી લેવાનો કસબ તો હાથવગો કરવો જ રહ્યો...

શીન કાફ નિઝામની ગઝલના આ ત્રણ શેર કાયમ મમળાવવા જેવા છે.

કિસી કો કુછ ન બતાઓ, કિસી સે કુછ ન કહો,
સભી સે ખુદ કો છુપાઓ, કિસી સે કુછ ન કહો.
સભી કી સબ સે અદાવત હૈ ઔર મુહબ્બત ભી,
સભી સે હાથ મિલાઓ, કિસી સે કુછ ન કહો,
હરેક હાથ મેં ખંઝર હૈ, તુમકો કયા મતલબ?
તુમ અપની ખૈર મનાઓ, કિસી સે કુછ ન કહો.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

'સ્નેક લવર્સ' મિત્રોએ કમાલની સર્પ જાગૃતિ એપ બનાવી

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ગ્લોબલ વોર્મિંગની વાત હવે અજાણી નથી. અને હમણા હમણાથી મૌસમની આડોડાઈ પણ ઓછી નથી. ચીન અને ફિલિપાઈન્સમાં જોરદાર પવન સાથે વરસાદે ખાના ખરાબી સર્જી. હિન્દુસ્તાનના કેરલ અને કેટલાક રાજ્યો પાણીથી તરબતર તહ્યાં તો કેટલાક રાજ્યોમાં ખુબ ઓછો વરસાદ પડ્યો. જો કે ચામાસુ વિદાય લઈ રહ્યું છે ત્યારે શહેરની એક કોલેજમાં બનેલી એક ઘટનાએ ધ્યાન ખેચ્યું. પત્રકારત્વના ડિપ્લોમા અભ્યાસક્રમના ક્લાસમાં લેખન કૌશલ્ય અંગે ફેકલ્ટીના વક્તવ્યને વિદ્યાર્થીઓ તલ્લીન થઈને આત્મસાત કરતા હતા. આ ક્લાસમાં ઊંચા કદ-કાઠીના ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી પણ પત્રકારત્વના અભ્યાસ માટે આવે. આમ તો ધર્મેન્દ્રભાઈ સરકારી કર્મયોગી છે. વાર્તા લખવાના પણ જબરા શોખીન છે. એ દિવસે સાંજે ચારેક વાગે અચાનક ''સાપ આવ્યો... સાપ આવ્યો...'' એવી બુમો પડી અને ધર્મેન્દ્રભાઈ ક્લાસમાંથી સફાળા ઊભા થઈ મુઠ્ઠીઓ વાળીને જે દિશામાંથી બુમો સંભળાતી હતી એ ભણી રીતસર દોડ્યા. નીચે જઈને જોયું તો દસ-પંદર છોકરાઓનું ટોળું એક સેન્ટ્રો કારની આસપાસ ઊભું હતું. કારના આગલા વ્હીલમાં એક સાપ જતો વિદ્યાર્થીઓએ જોયો હતો. પળનોય વિલંબ કર્યા વગર ધર્મેન્દ્રભાઈએ વ્હીલમાંથી સાપને પકડી સલામત રીતે એક હવાદાર પ્લાસ્ટિકની બરણીમાં એને મૂકી દીધો.

આસપાસ ઊભેલા વિદ્યાર્થીઓને 'હાશ' થઈ. એક વિદ્યાર્થીએ ધર્મેન્દ્રભાઈને પૂછ્યું પણ ખરું 'આ કયો સાપ છે ?' ધર્મેન્દ્રભાઈએ ખૂબ જ શાંતિથી જવાબ આપ્યો. 'સૌથી ઝેરી સાપ કોબ્રા.' પેલા વિદ્યાર્થીના શરીરમા લખલખુ પસાર થઈ ગયું. ચોમાસાની સિઝનમાં ઠંડા લોહીની પ્રકૃતિવાળા સાપ ઈંડા મૂકવા અને બચ્ચા પેદા કરવા જમીનની બહાર આવતા હોય છે. વળી ચોમાસામાં દેડકા, ગરોળી, નાના સાપ વગેરેનો મોટા પ્રમાણમાં ખોરાક પણ ઉપલબ્ધ થતો હોઈ સાપ દરની બહાર આવતા હોય છે.

આમ પણ દરમાં હોય કે ટોપલામાં હોય ત્યાં સુધી સાપ જોવા સારા લાગે. જેવા એ બહાર આવે કે, લોકોની ચીસાચીસ શરૂ થઈ જાય. સાપ દેખાય એટલે ડરના માર્યા એને પતાવી જ દેવાનો ટ્રેન્ડ સામાન્ય રીતે જોવા મળે છે. ધર્મેન્દ્રભાઈ જેવા 'સ્નેક લવર્સ' સાપ વિશે અવનવી વાતો કહીને સાપના ખોફને જનમાનસમાંથી દૂર કરવા સતત મથતા રહે છે. મઝાની વાત તો એ છે કે, ધર્મેન્દ્રભાઈ ત્રિવેદીએ 'સ્નેક લવર્સ ક્લબ' નામની મોબાઈલ એપ બનાવી છે. આ ઉપયોગી એપ ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉન લોડ કરી શકાય છે. https://play.google.com/state/apps/details!id:com.vishrjpt.android.snackloversclub નામની એપ દ્વારા નજીકમાં ઉપલબ્ધ સ્નેક લવરનું સંપર્ક સ્થાન અને ટેલિફોન નંબર આસાનીથી મળી શકે છે.

ધર્મેન્દ્રભાઈ સાથે લેખન કલા સંબંધી કે પછી પત્રકારત્વ અને વાર્તાલેખન સંબંધી ઘણીવાર ચર્ચા થઈ છે પણ સાપ અને આ પ્રજાતિના પ્રેમી સંદર્ભે પહેલી વાર ચર્ચા કરવાનો અવસર મળ્યો. આ સર્પપ્રેમીઓ સાપના ડરથી થતા સાપના મોતથી દ્રવી ઊઠે છે. ધર્મેન્દ્રભાઈ જેવા ઘણા સર્પપ્રેમી ગાંધીનગર અને સમગ્ર રાજયમાં સાપોની પ્રજાતિની દિલથી સેવા કરવામાં આનંદ અને ગૌરવ અનુભવે છે. આ મિત્રોની સર્પપ્રેમ સાથે જનસેવા તો છે જ ઉપરથી પ્રકૃતિની પણ સેવા લટકામાં.

ઈતિહાસ ગવાહ છે કે, ૧૩૦ મિલીયન વર્ષો પૂર્વે ડાયનોસોરના જમાનાથી પૃથ્વી ઉપર સાપ જોવા મળે છે. આટલા લાંબા સમયથી ધરતી ઉપર વિચરણ કરતી સરીસૃપોની આ પ્રજાતિ વિશે ઘણું લખાયું અને કહેવાયું છે. આમ છતાં સાપની દુનિયા હમેશા ભારે રોમાંચકારી અને રહસ્યમયી લાગતી હોય છે. પશ્ચિમ અને પૂર્વના ફિલ્મ મેકર્સ પણ સાપની શ્રુષ્ટી પ્રત્યે આકર્ષિત રહ્યાં છે. નાગીન, નગીના, એનાકોન્ડા, બ્લેક કોબ્રા વગેરે વગેરે હોલિવુડ અને બોલીવુડની ફિલ્મોએ પણ સાપોની દુનિયાનો અજબનો રોમાંચ લોકોમા ઊભો કર્યો છે.

આમ તો દુનિયાભરમાં ૨૫૦૦થી વધુ સાપની જાતો છે. જો કે આમાંથી માત્ર ૨૦ ટકા જ સાપ ઝેરી હોય છે. ભારતમાં ૩૦૦ પ્રકારના સાપ જોવા મળે છે. જેમાંથી ૫૦ જાતિના સાપ ઝેરી છે. જાણીને આશ્ચર્ય થાય કે, ન્યુઝીલેન્ડ, આઈસલેન્ડ અને એન્ટાર્ટિકા પ્રદેશમાં એક પણ સાપ નથી જોવા મળતા. સુંદરીઓની નગરીના દેશ બ્રાઝીલમાં એક 'સ્નેક આઈલેન્ડ' નામનો પ્રદેશ છે. અહીં સાપોની વસતી ખૂબ વધારે છે. પ્રત્યેક એક વર્ગ મીટરમાં પાંચ સાપ જોવા મળે છે. સાદા શબ્દોમાં કહીએ તો, અહીં દસ બાય દસના એક ડબલબેડ જેટલી જગ્યામાં ૨૦ સાપ આમ તેમ ફરતા જોઈ શકાય છે. અને એ પણ 'ગોલ્ડન બીટ વાઈપર' જેવા ખૂંખાર ઝેરીલા સાપ...!

'સ્નેક લવર્